## જન્મદિને વધામણી



છવિ ઉજ્જવલ વૈશ્યક
મો. ૯૪૨૭૬ ૦૭૮૨૪

# જિલ્લા સંકલન સમિતિની બેઠકમાં કોંગ્રેસના વિધાનસભાના દંડકે કર્યો અનોખો વિરોધ

**ખેડબ્રહ્મા-વિજયનગરના કોંગ્રેસના ધારાસભ્ય અશ્વિન કોટવાલ પોતાની ગ્રાન્ટ ધ્યાન બહાર ફળવાની થતા કર્યો વિરોધ : કલેક્ટરે આક્ષેપોની તપાસના આદેશ આપ્યા અને ફાળવણી કરેલ ગ્રાન્ટના કામોને રોક લગાવી : ભ્રષ્ટાચાર આચરી ફાળવણી કરી હશે તો જવાબદાર સામે પગલા ભરવામા આવશેની ખાતરી આપી**

હિંમતનગર, તા. ૧૬

હિંમતનગરના બહુમાળી ભવનમાં દિવાળી બાદ પ્રથમ શનિવારે યોજાયેલી સાબરકાંઠા જીલ્લાની સંકલન સમિતિની મહત્વની બેઠક દરમ્યાન જ વિધાનસભાના વિપક્ષી દંડક અને ખેડબ્રહ્માના ધારાસભ્યએ બેઠક દરમ્યાન ભોંયતળીયે જ બેસી જઈને વિરોધ નોંધાવ્યો હતો. સંકલન સમિતીમાં વિરોધ કરવા માટે નિચે પલાંઠી વાળી એક કલાક જેટલો સમય બેસી રહીને ધરણાં ધરતા બેઠકની કામગીરી જ અટકી રહી હતી અને આખરે કલેકટરે તપાસના આદેશ આપતા જ આખરે મામલો થાળે પડ્યો હતો. ધારાસભ્ય ફંડની ગ્રાન્ટની રકમને બારોબાર જ આયોજન અધીકારીએ ફાળવણી કરી દઈ કોન્ટ્રાકટરો સાથે ભ્રષ્ટાચાર આચર્યો હોવાનો આક્ષેપ કર્યો હતો.

ધારાસભ્યની પોતાની ગ્રાન્ટ પણ અધીકારીઓ જ બારોબાર જ વાપરી નાંખતા હોય તેવો કિસ્સો આક્ષેપ સાથે સામે આવ્યો છે. ખેડબ્રહ્માના ધારાસભ્યની ગ્રાન્ટના સાંઈઠ લાખ રુપીયા બારોબાર જ કોન્ટ્રાકટરોને ભ્રષ્ટાચાર દ્વારા ધારાસભ્યને અંધારામાં રાખી ફાળવી દેવાયાનો આક્ષેપ કરી વિરોધ કરતા સંકલન સમિતીના બેઠકમાં જાણે કે સ્તબ્ધતા છવાઈ ગઈ હતી. વિધાનસભાના દંડક અને ખેડબ્રહ્મા મત વિસ્તારના ધારાસભ્ય અશ્વીન કોટવાલે આજે સંકલન સમિતીની બેઠકમાં હાજરી આપવા માટે આવ્યા હતા. પરંતુ હાજરી એવી આપી હતી કે



અધીકારીઓ માટે શુ સવાલ જવાબ કરવા એ વાત કરતા જાણે કે પરસેવો વળી ગયો હતો અને બેઠક શરુ થવાને બદલે થંભી જ ગઈ. દંડ અશ્વીન કોટવાલે પોતાની ફાળવેલી બેઠક પર બેસવાને બદલે જ સીધા જ પોતાની ફાઈલો લઈને રાઉન્ડ ટેબલના વચ્ચે રહેલી જગ્યામાં ભોયતળીયે બેસી ગયા હતા અને પોતાની વાતનો વિરોધ અધીક કલેકટર સમક્ષ રજુ કર્યો હતો. જેને પગલે કલેકટર અને ડીડીઓ જેવા ઉચ્ચ અધીકારીઓ પણ બેઠકમાં હાજર થવાને બદલે પોતાની ચેમ્બરમાં જ બેસી રહ્યા હતા. એક કલાક લગી દંડક કોટવાલે ભોયતળીયે બેસી રહેતા આખરે કલેકટરે અધીક કલેકટરને મારફતે આક્ષેપો સાંભળીને નિરાકરણ લાવવા માટે કલેકટરની ચેમ્બરમાં જવાબદાર અધિકારીઓને હાજર રાખીને બેઠક લીધી હતી અને આખરે તપાસ કરવા માટેના આદેશો આપી ફાળવેલ ગ્રાન્ટને સ્થગીત કરવા માટે હુકમ કરતા જ મામલો થાળે પડ્યો હતો. આ અંગે ગુજરાત વિધાનસભાના વિપક્ષ દંડક અને ખેડબ્રહ્મા-વિજયનગરના ધારાસભ્ય અશ્વીન કોટવાલે જણાવ્યું હતું કે મારી દોઢ કરોડ રુપીયાની ગ્રાન્ટની રકમમાંથી સાંઈઠ લાખના કામોને બારોબાર જ ધારાસભ્ય તરીકે મને અંધારામાં રાખીને જ કોન્ટ્રાકટરોને ફાળવી દીધેલ છે, દોઢ ટકાની રકમના ભ્રષ્ટાચાર માટે થઈને આ રીતે ધારાસભ્યને અંધારામાં રાખીને ફાળવણી કરીને કામો આપી દીધેલા છે, કલેકટરે તપાસના આદેશ આપ્યા છે, રાજ્યના તમામ ધારાસભ્યોએ પણ પોતાની ગ્રાન્ટ માટે સાવચેતી દાખવવી જોઈએ અધીકારીઓ આવી રીતે ધારાસભ્યોને અંધારામાં રાખીને ગ્રાન્ટ નો ગેર ઉપયોગ કરી શકે છે. ધારાસભ્યની વાતને જો માનીએ તો જીલ્લા આયોજન અધિકારીએ ધારાસભ્યની ગ્રાન્ટની રકમમાંથી જ સાંઈઠ લાખ રુપીયાના વિકાસના કામોને બારોબાર જ કોન્ટ્રાકટરોને પોતાની મનસુબી મુજબ ફાળવી દીધા અને ધારાસભ્ય મુજબ રાજ્યના તમામ ધારાસભ્યોએ પણ પોતાના ફંડની રકમના કામને પણ ચોકસાઈપુર્વક ચકાસવા માટે આ ઘટનાને લઈને સલાહ પણ આપી દીધી કારણ કે અધિકારીઓ પોતાના દોઢ ટકાની રકમને લઈને બારોબાર જ પ્રજાના હીતના બદલે કોન્ટ્રાકટરોના હીતમાં ફાળવી દઈ શકે છે. જોકે અશ્વીન કોટવાલે અનોખી રીતે વિરોધ કરતા જ હવે મામલો તપાસના દાયરામાં આવ્યો છે અને તપાસમાં ગેરરીતી નિકળે છે કે ધારાસભ્યના આક્ષેપ કરેલા દાવા કેટલા સાચા નિકળે છે તે તપાસના અંતે જ સામે આવશે. જોકે શાંત રીતે વિરોધને પગલે એક કલાક સુધી સંકલન સમિતીમાં થયેલા વિરોધના શાંત હંગામાને થાળે પાડવા એસપી અને અધીક કલેકટર સહીતના અધિકારીઓએ વાતને થાળે પાડવા માટે મથામણ કરવી પડી હતી. જીલ્લા આયોજન અધિકારીએ જોકે પોતે યોગ્ય જ કર્યુ હોવાનુ ગણાવ્યુ હતુ પરંતુ આ પહેલા મીડીયા થી દુર ભાગવા માટે લોબીમાં અધીકારીએ દોટ લગાવી દીધી હતી.

## મોડાસા સેશન કોર્ટે આરોપીને આજીવનકેદની સજા ફટકારી

બાયડ, તા. ૧૬

બે વર્ષ અગાઉ બાયડ તાલુકાના તેનપુર ગામે સંતરામપુરથી મજૂરી કામે આવી ખેતરમાં રહેતા બે પરિવારો વચ્ચે પ્રેમ પ્રકરણના શંકાના કીડો ઘર કરી જતા ખૂની ખેલ ખેલાયો હતો. શ્રમજીવી બે મિત્રો વચ્ચે તિરાડ પડતા અને મિત્રએ તેની પત્ની પર તેનોજ મિત્ર નજર બગાડતો હોવાની શંકાને આધારે પતિએ તેની હત્યા કરી નાખી હતી. આ કેસ મોડાસાની સેશન્સ કોર્ટમાં ચાલી જતાં હત્યા કરનાર આરોપીને આજીવન કેદની સજા ફટકારાઈ હતી. સાથે જ ૧૦ હજાર રૂપિયા દંડ પણ કરવામાં આવ્યો હતો.

## અમીરગઢ તાલુકાના આંબાપાણી ઝાંઝરવા ગામે સહકારી સપ્તાહની ઉજવણી

વડગામ, તા. ૧૬

જીલ્લામાં સહકારી પ્રવૃતિનો વ્યાપ વધે અને સહકાર થકી જિલ્લાનો વિકાસ થાય તે માટે બનાસકાંઠા જિલ્લા સહકારી સંઘ, પાલનપુર કામ કરી રહ્યો છે. સહકાર થકી બનાસકાંઠા જિલ્લાની ઓળખ ઉભી થઈ છે, સાથે સાથે જિલ્લાના તમામ લોકોને સહકાર થકી કઈ રીતે મદદરૂપ થઈ શકાય તે માટે ગ્રામીણ સહકારી સંસ્થાઓમાં ટેકનોલોજીનો ઉપયોગ કરીને સહકારી સંસ્થાઓ મજબૂત બની શકશે. તેમજ અન્ય સહકારી સંસ્થાઓ સારી કામગીરી કરતી સરકારી સંસ્થાઓની મુલાકાત લઈને નવીન સાહસ કરી શકે જિલ્લા સહકારી સંઘ તમામ સહકારી સંસ્થાઓનીમાની ભૂમિકામાં વર્ષોથી કામ કરી રહ્યો છે સમય અંતરે સહકારી સંસ્થાઓને તાલીમ પ્રચાર પ્રસારની કામગીરી કરે છે.

## ઈલોલમાં મહિલાએ દિકરીને જન્મ આપતા ત્રણ વ્યક્તિએ ત્રાસ આપી તલ્લાક આપતા ફરીયાદ

હિંમતનગર, તા. ૧૬

હિંમતનગર તાલુકાના ઈલોલ ગામની એક મુસ્લીમ મહીલાએ દિકરીને જન્મ આપતા તેણીના સાસરીયાઓ દ્વારા નારાજ થઈને આ યુવતીને દહેજ પેટે પિતાના ઘરેથી રૂ. ૧૦ લાખ લઈ આવવાની ધમકી આપી ગડદાપાટુનો માર મારી મહીલાના પિતાને ટપાલ મારફતે તલ્લાક આપેલાનું જાહેર કરી ત્રાસ અપાતા આ મહીલાએ ત્રણ જણા વિરૂદ્ધ મુસ્લીમ સ્ત્રીઓના લગ્નના હકોના રક્ષણનો ભંગ થતા ગુરૂવારે ત્રણ જણા વિરૂદ્ધ હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી. આ અંગે ઈલોલની પાણીની ટાંકી પાસે રહેતા શાહીનબેન સાદિકભાઈ ખણુસીયાએ નોંધાવેલી ફરીયાદમાં કરેલા આક્ષેપ મુજબ શાહીનબેને લગ્ન બાદ દિકરીનો જન્મ આપ્યો હતો.

જેથી મુનીર હિફઝુર રહેમાન માવા, હિફઝુર રહેમાન મોહમદભાઈ માવા તથા સાલેહાબેન માવાએ ભેગા મળીને શાહિનબેનને દિકરીનો જન્મ આપ્યા બાદ વાણી અને વર્તન બદલીને ગાળો બોલી શારિરીક અને માનસિક ત્રાસ આપવાનું શરૂ કર્યું હતું.

# જુના ડીસાની પીડિતાએ ત્રિપલ તલાક સામે ફરિયાદ નોંધાવી

**દહેજ મુદ્દે પતિ સહિત સાસરિયાની કનડગત ત્રણ તલાક સામે જંગનો જિલ્લામાં પ્રથમ કિસ્સો**

ડીસા, તા. ૧૬

કેન્દ્ર સરકાર દ્વારા લઘૂમતી સમાજની દીકરીઓને ત્રણ તલાકની અમાનવિય પરંપરા સામે કાયદાનું કવચ આપ્યું છે. ત્યારે વારંવાર સમાધાન બાદ પણ સાસરિયાના અમાનુષી અત્યાચારથી માથે પાણી ફરી વળતા કંટાળેલી જુનાડીસાની મુસ્લિમ પીડીતાએ નાછૂટકે પતિ સહિત સાસરિયા સામે કાયદાનું શસ્ત્ર ઊગામ્યુ છે. જે જિલ્લામાં તલાક વિરોધી પ્રથમ ફરિયાદ છે.

આ અંગેની ટૂંકી વીગતો અનુસાર ડીસા તાલુકાના શિક્ષિત ગણાતા જુનાડીસા ગામે રહેતા પત્રકાર મહંમદઅલી ડોસમહંમદ ચાવડાની પુત્રી સાહિસ્તાબાનુના લગ્ન આજથી નવેક વર્ષ પહેલાં કુંભાસણ ગામના અને હાલમાં પાલનપુર ખાતે રહેતા અફજલખાન અહમદખાન ખાન પરમાર સાથે થયા હતા જેમા તેના પિતાએ યથાશક્તિ કરિયાવર સમાજની સાક્ષીએ આપ્યું હતું. લગ્ન બાદ તેણી સંયુક્ત કુટુંબમાં રહેતી હતી પણ લગ્નના થોડા સમયમાં જ સાસરિયાએ પોત પ્રકાશી દહેજ પેટે સ્કોર્પિયો ગાડી લાવવા દબાણ શરૂ કરી દીધું હતું પરંતુ તે અને તેના પરિવારજનો તેનો સંસાર ન બગડે તે હેતુથી મન મોટું રાખી સમાધાન કરી તેને સાસરે મોકલતા હતા. લગ્ન જીવનમાં તેણીની કુખે બે દીકરીનો જન્મ થયો હતો છતા પતિ, સસરા, સાસુ નણંદ અને દિયર દ્વારા અવારનવાર મહેણા મારી 'તું ગરીબ બાપની દીકરી છે કરિયાવરમાં તને કઈ આપેલ નથી હવે જા ત્યાંથી વધારે દાગીના લઈ આવ' તેમ કહેતા તેણીએ કહેલ કે 'મારા બાપ પાસે આટલી બધી સગવડ નથી હું લાવી નહિ શકું' તેથી અવારનવાર તેઓ શારીરિક માનસિક ત્રાસ આપી વાંરવાર સાસરીમાંથી કાઢી મુક્તા હતા અને તેમના કાકા સસરાઓ અને અન્ય સગાં વહાલાઓ હવેથી આવું નહિ થવા દઈએ એમ કહી વિશ્વાસ આપી સમાધાન કરી લઈ જતા હતા અને સંસાર ના બગડે એટલે આ બધું સહન કરતી હતી આ અગાઉ ગત તારીખ ૨૦/૫/૧૧ ના રોજ મારઝૂડ કરી ઉપર ગરમ ચા નાખી હતી.

આ બાબતે તેણે તેના પિતાને વાત કરતા તેઓ તેને પિયર લઈ ગયેલા અને તે બાદ તેના પતિ સામે ડીસા કોર્ટ માં ભરણ પોષણનો કેસ દાખલ કરતાં માંગેલ જે કેસ મંજુર થયેલ અને કોર્ટે ભરણ પોષણ ભરવાનો હુકમ કરેલ જે ના ભરતા અંદાજે ત્રણેક લાખ રૂપિયા જેટલી રકમ ચડી ગયેલ અને તે રકમ ભરવી નાં પડે તેવા બદઈરાદે ફરીને સગાવ્હાલા દ્વારા કરગરીને પરત સાસરે લઈ ગયેલા જ્યાં થોડો સમય સારી રીતે રાખી ફરીથી ત્રાસ આપવાનું શરૂ કરેલ આમ અવારનવાર ત્રાસ આપવાનું ચાલુ રાખેલ ત્યારબાદ તારીખ ૪/૭/૧૯ ના રોજ તેણીનાં સાસુએ ઝઘડો કરી તેણીનાં નણદ, દિયર અને સસરા દ્વારા તેના પતિની ચઢામણી કરી આને રાખવી નથી તું આને તલાક આપી દે તેમ કહેતા તેના પતિએ મારઝૂડ કરી તેણીને જા તને તલ્લાક તલ્લાક અને તલ્લાક આમ ત્રણ વખત તલાક બોલી બે દીકરીઓ સાથે ઘરમાથી કાઢી મુક્તા પીડિતાએ આ મામલે ડીસા તાલુકા પોલીસ મથકે તેના પતિ, સાસુ, સસરા, નણંદ અને દિયર સામે દહેજ મામલે મારઝૂડ કરવા અને તલાક આપવા મામલે પોલિસ ફરિયાદ નોંધાવી હતી જેથી તાલુકા પોલીસે મુસ્લિમ વુમન પ્રોટેક્શન એક્ટ-૨૦૧૯ની કલમ ૩ અને ૪ મુજબ તથા આઈ. પી.સી. કલમ ૪૯૮ (અ),૩૨૩,૨૯૪ (ખ) અને ૧૧૪ મુજબનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી આરોપીઓને પકડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

# અંબાજીમાં ૧૦૮ કુંડી મહાયજ્ઞની આજે ભવ્ય પૂર્ણાહુતિ યોજાશે

અમદાવાદ, તા.૧૬

સુપ્રસિધ્ધ યાત્રાધામ અંબાજી મંદિર ખાતે છેલ્લા દસ દિવસથી ચાલતાં અને વિશ્વ શાંતિના ઉમદા હેતુસર તા.૭મી નવેમ્બરથી તા.૧૭ નવેમ્બર,૨૦૧૯ દરમ્યાન રાજયમાં સૌપ્રથમવાર અંબાજીના ખેડબ્રહ્મા રોડ પર જૂની કોલેજ કમ્પાઉન્ડ સંસ્કૃત પાઠશાળા ગ્રાઉન્ડ ખાતે યોજાયેલા ૧૦૮ કુંડી શ્રી દશ મહાવિદ્યા મહાદેવી મહાયજ્ઞનું આવતીકાલે ભવ્યાતિભવ્ય સમાપન અને પૂર્ણાહુતિ થશે. આ પ્રસંગે દેશભરમાંથી આવેલા સાધુ-સંતો, મહંતો, મહામંડલેશ્વરો સહિતના મહાનુભાવો અને હજારો શ્રધ્ધાળુ ભકતો માટે મહાપ્રસાદ અને ભંડારાનું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. આવતીકાલે ૧૦૮ કુંડી શ્રી દશ મહાવિદ્યા મહાદેવી મહાયજ્ઞની પૂર્ણાહુતિ પ્રસંગે સાધુ-સંતો અને મહામંડલેશ્વર, મહંતો સહિતના મહાનુભાવો દ્વારા વિશેષ આશીર્વચન પણ અપાશે એમ ભીડભંજન હનુમાનજી ધાર્મિક ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી કમલેશભાઈ બ્રહ્મભટ્ટ અને પાયલોટ બાબા સેવા સમિતિના કન્વીનર જગદીશભાઈ બ્રહ્મભટ્ટે જણાવ્યું હતુ.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, શ્રી અંબાજી માતાજીની પ્રેરણાથી શ્રી ભીડભંજન હનુમાનજી ધાર્મિક ટ્રસ્ટ, સુભાષ ચોક, મેમનગર, અમદાવાદના સંકલ્પથી તેમ જ શ્રી આરાસુરી અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ અંબાજી, દાંતા સ્ટેટના યુવરાજ રિધ્ધિરાજસિંહજી, શ્રી અઁબાજી મંદિરના પૂજારી શ્રી કશ્યપભાઈ ઠાકર અને શ્રી પાયલોટ બાબા સેવા સમિતિના સહકારથી હિમાલયની સિધ્ધ પરંપરાના વિશ્વ વિખ્યાત સંત મહાયોગી મહામંડલેશ્વર અને નાસિક પીઠના પીઠાધિશ્વર શ્રી પાયલોટ બાબાના સાનિધ્યમાં ઐતિહાસિક ૧૦૮ કુંડી શ્રી દશ મહાવિદ્યા મહાદેવી મહાયજ્ઞ યોજાયો હતો. આ ઐતિહાસિક ૧૦૮ કુંડી શ્રી દશ મહાવિદ્યા મહાદેવી મહાયજ્ઞના ભવ્ય ધાર્મિક પ્રસંગમાં ભાગ લેવા ભારતભરમાંથી હજારો સાધુ-સંતો, મહામંડલેશ્વરો, મહાત્માઓ, વિદેશી મહેમાનો અને રાજકીય મહાનુભાવો હાજર રહ્યા હતા.

## પાલનપુરના ૩ વોર્ડનો સેવાસેતુ કાર્યક્રમ યોજાયો

રાજ્યની ભાજપ સરકાર દ્વારા લોકોને તાલુકા મથક કે કચેરીઓના ધક્કા ખાવા ન પડે તે હેતુથી સરકાર તમારા દ્વારે આવી એક જ સ્થળેથી તમારા પ્રશ્નો હલ કરે તે માટે સેવાસેતુ કાર્યક્રમ યોજવામાં આવે છે. ત્યારે પાલનપુર ખાતે સરકારનો પ્રજાલક્ષી સેવાસેતુ કાર્યક્રમ ભાજપ શાસિત પાલનપુર નગર પાલિકા પ્રમુખ સહીતના પદાધિકારીઓની ગેરહાજરી વચ્ચે યોજાયો હતો.

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકા દ્વારા શહેરના વોર્ડ નં. ૬, ૧૦ અને ૧૧ નો સેવાસેતુ કાર્યક્રમ મીરાગેટ પ્રાથમિક શાળામાં યોજાયો હતો. સવારે ૯ વાગે શરૂ થનારો સેવાસેતુ કાર્યક્રમ અધિકારી મોડા આવતા ૧૦.૩૦ વાગે ખુલ્લો મુકાયો હતો. જેને લઈને વહેલી સવાર થી કેમ્પમાં આવી પહોંચેલા અરજદારો અકળાયા હતા. આ કેમ્પમાં વિવિધ દાખલાઓ અને સરકારની કલ્યાણકારી યોજનાઓનો લાભ લાભાર્થીઓને મળી રહે તે માટેના વિભાગવાઈઝ વ્યવસ્થા ગોઠવાઈ હતી. જેમાં આર.ટી.ઓ વિભાગ ક્યાંય ડોકાયો ન હતો.

### મોરપીંછના રંગ ● ચોથા પાનાનું ચાલુ

પડે, એના જેટલી પાત્રતા કેળવવી જોઈએ. જંગલમાં વાઘ નીકળે અને વૃક્ષો ઉપર વાંદરાઓ કુદાકુદ કરે એ સ્વાભાવિક છે. પણ એનાથી વાઘને કાંઈ થતું નથી. નાની નાની પાંચ દસ ચકલીઓ ભેગી થઈને પણ બાજ પક્ષીને નૂકશાન કરી શકતી નથી. કોઈપણ વ્યક્તિનો કે સમાજનો કે સિસ્ટમનો વિરોધ કરતા પહેલા આપણે આટલું સમજી લેવું જોઈએ.

હિમાલય પર્વતમાળાઓની વચ્ચેથી વહેતી ભાગીરથી નદીને કિનારે દસ દિવસના રોકાણમાં દેવત્વથી ભરપુર ધરતીની ઊર્જા, અહીંની પવિત્ર, સુગંધી હવાના લીધેલા શ્વાસોચ્છવાસ, ગંગોત્રીના દર્શન, અનુભૂતિ, ઉંમરમાં નાના મોટા સૌ સર્જકો સાથેની વૈચારિક આપ-લે, પરિચય, એમનો પરિચય, અનુભવ, અને વ્યક્તિત્વનું વાંચન. આ બધુ જે મળ્યું છે તે કદાચ શબ્દબ્રહ્મ સુધી પહોંચવાની યાત્રાનો આરંભ છે.

- 9426060601.india@gmail.com

### રઝળપાટ ● ચોથા પાનાનું ચાલુ

કઢાવવા લાંચ આપતી વખતે 'આવું તો કરવું પડે' નું ઢોલક વગાડી જાણીએ છીએ. ડગલેને પગલે હિપોક્રેસી કહો કે ડબલ સ્ટાન્ડર્ડ કહો કે જે કહો તે પણ આપણી માનસિકતા જ એવી થઈ ગઈ છે કે પ્રગતી - રીવાજ કે નિયમોના નામે આપણે આપણા વિચારો - બોલી કે વ્યવહાર બદલી શકવામાં માસ્ટર છીએ એમાં કોઈ શક નથી. બેઝીકલી આ ડબલ સ્ટાન્ડર્ડ એ બીજું કાઈ નહિ પણ કોઈ સ્થિતિ-વ્યક્તિ કે સંજોગો ને અલગ રીતે જોવાનો ફર્ક છે. જેવા ચશ્માં પહેરો એવું દેખાય એના જેવું જ....જરૂર છે રીવાજો-નિયમો-પૂર્વગ્રહો-માનસિકતાના ચશ્માં ઉતારવાની પછી જ વિચારોની ધજા સ્થિર ફરકવાની...!

# પ્રાંતિજના દલપુર પાસે આવેલ એરોલેમ ફેકટરીના દુષિત પાણીથી રોગચાળાની ભીતી

પ્રાંતિજ, તા. ૧૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ દલપુર પાસે આવેલ એરોલેમ ફેકટરીના દુષિત પાણીથી મોટા રોગચાળાની ભીતી જોવા મળી રહી છે. હાલ તો રજુઆતો છતાં જવાબદારતંત્ર તથા આરોગ્ય વિભાગ જાણે ગૌર નિંદ્રામા હોય તેવું સ્પષ્ટપણે જણાઈ આવે છે.




એક બાજુ જિલ્લા સહિત તાલુકામાં ડેન્ગ્યુ સહિત રોગચાળો વકર્યો છે અને બેકાબુ બન્યો છે. ત્યારે પ્રાંતિજ નજીક નેશનલ હાઈવે આઠ પ્રાંતિજના દલપુર પાસે આવેલ એરોલેમ ફેકટરીના પાછળના ભાગેથી ગંદુ પાણીનો ભરાવો થતાં હાલ તો અહીંથી પ્રસાર થતા તથા આજુબાજુના ગામો નનાનપુર, સોનાસણ, દલપુરના રહીશોને દુર્ગંધને લઈને અવરજવર કરતા લોકોના નાકના ટેરવા પણ દુર્ગંધને લઈને ફુલી ગયા છે. આ અંગે અનેક વાર રજુઆતો છતાં જવાબદાર તંત્ર કે આરોગ્ય વિભાગ દ્વારા અહીં આવવાની કોઈ તસ્તી લીધી નથી. એક બાજુ હાલ તો ડેન્ગ્યુ તાવ શરદી સહિતની બીમારીઓએ માજા મૂકી છે. ત્યારે બીજી બાજુ આ દુર્ગંધ દુષિત પાણીને લઈને રોગચાળો વકરે તો નવાઈ નહીં.

ફેકટરી પાછળના ભાગે એટલી બધી ગંદકીના થોળ થયાં છે કે ખાલી ડોકયુ કરવામાં આવે તો પણ બીમારી પ્રવેશ કરે તેમ કહીએ તો નવાઈ નહી. આ અંગે નનાનપુર સહિતના જાગૃત નાગરિકો દ્વારા રજુઆતો કરી છે છતાં આજ દિન સુધી તંત્રનો કોઈ અધિકારી કે આરોગ્ય વિભાગનો કર્મચારી કે અધિકારી કોઈ ફરકયુ નથી. હવે જોવાનું એ રહ્યું કે આ અહેવાલ પ્રસિધ્ધ થયા પછી જવાબદાર તંત્ર કે આરોગ્ય વિભાગની ઉંઘ ઉડશે કે પછી હોતા હૈ ચલતા હૈ જેવીજ સ્થિતિ રહેશે એ તો હવે જોવું રહ્યું.

# ભિલોડાના સિલાસણ ત્રણ રસ્તા પાસેથી ભારત ગેસના ખાલી બોટલો ભરેલી ટ્રકમાંથી વિદેશી દારૂ પકડાયો

ભિલોડા-વિજયનગર ધોરીમાર્ગ ઉપર આવેલ સિલાસણ ત્રણ રસ્તા પાસેથી ભારત ગેસના ખાલી બોટલો ભરેલી ટ્રકમાંથી વિદેશી દારૂ સહિત કુલ મુદ્દામાલ રૂા. ૧૦, ૬૦, ૮૦૦/- નો પોલીસ પેટ્રોલીંગ દરમ્યાન રાત્રે ઝડપાયો હતો.પોલીસએ પ્રોહિબીશન એક્ટ મુજબ ગુનો નોંધી ધારા ધોરણ મુજબ કાર્યવાહી હાથ ધરી હતી.

ભિલોડા પોલીસ સબ ઈન્સ્પેકટર એમ.જી.વસાવા, પોલીસ સ્ટાફ નાનજીભાઈ, રાજેશભાઈ સહિત પોલીસ કાફલો રાત્રે પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન ભારત ગેસના ખાલી બાટલા ભરેલી On Goverment Duty લખેલી ટ્રક નંબર. જી.જે.૦૭. યુ.યુ. ૬૯૩૯ ને અટકાવી પોલીસએ તલાસી લેતા ડ્રાઈવર કેબીનમાં પરપ્રાંતિય ભારતીય બનાવટનો વિદેશી દારૂ ગેરકાયદેસર અને પાસ પરમીટ વગર પ્લાસ્ટીકના થેલામાં સંતાડેલી બીયર બોટલ નંગ-૧૨ અને વિદેશી દારૂ બોટલ નંગ-૨ કુલ કિંમત રૂા.૨૮૦૦/- સાથે-સાથે રવિકુમાર ગોવિંદભાઈ તળપદા,(દેવીપુજક) ઉંમર વર્ષ-૨૮, રહેવાસી. તા.જી. ખેડા વાળા ઈસમને પોલીસે ઝડપી લીધો હતો. ટ્રકની કિંમત રૂા. ૪,૦૦, ૦૦૦/- અને ભારત ગેસની ખાલી બોટલો નંગ-૩૨૯ કિંમત રૂા.૬,૫૮, ૦૦૦/- કુલ મુદ્દામાલ કિંમત રૂા.૧૦,૬૦, ૮૦૦/- નો મુદ્દામાલ ઝડપી પ્રોહિબીશન એક્ટ મુજબ ગુનો નોંધી પોલીસએ વધુ તપાસ હાથ ધરી છે.




ગાંધીજીના ગુજરાત રાજ્યમાં વિદેશી દારૂની માંગને પહોંચી વળવા દેશી-વિદેશી દારૂની હેરાફેરી કરતા બુટલેગરો અવનવા કિમીયા અપનાવી રહ્યા છે. લાખ્ખો કરોડો રૂપિયાનો વિદેશી દારૂ બેરોકટોક હેરાફેરીનો સીલસીલો યથાવત રહ્યો છે. ભિલોડા તાલુકાના અંતરીયાળ સરહદીય વિસ્તારના વિવિધ માર્ગો દેશી-વિદેશી દારૂની હેરાફેરી કરતા બુટલેગરો માટે સ્વર્ગ સમાન પુરવાર થઈ રહ્યા છે.

### તોફાની બનશે ● અનુસંધાન પહેલાનું ચાલુ

લોકસભામાં રજૂ કરવા માટે ૨૨ બિલ લિસ્ટ કરવામાં આવ્યા છે. આની સાથે સાથે સ્ટેન્ડિંગ કમિટી અને રાજ્યસભામાં રજૂ કરવાની પણ તૈયારી કરવામાં આવી છે. સંસદમાં વિપક્ષી દળો કાશ્મીરની સ્થિતીને લઈને સરકારને ઘેરવાના મુડમાં દેખાઈ રહ્યા છે. વિપક્ષી દળો જમ્મુ કાશ્મીરને ખાસ દરજ્જો આપતી કલમ ૩૭૦ની નાબુદી બાદથી ત્યાં ઉભી થયેલી સ્થિતી પર ચર્ચા કરવા માટે માંગ કરી શકે છે. આની સાથે અર્થવ્યવસ્થાનો મુદ્દો પણ છવાયેલો રહે તેવી શક્યતા છે. રિઝનલ કોમ્પ્રેહેન્સિવ ઈકોનોમિક પાર્ટનરશીપને લઈને ભારતના વલણનો મુદ્દો પણ સત્ર દરમિયાન ચમકી શકે છે. સંસદના શિયાળુ સત્રની શરૂઆત ૧૮મી નવેમ્બરથી કરવામાં આવ્યા બાદ ડિસેમ્બરના અંત સુધી સત્ર ચાલનાર છે. નાગરિક સુધારા બિલ હેઠળ પાકિસ્તાન, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાનમાંથી આવેલા શરણાર્થી લોકોને નાગરિકતા આપવામાં આવી શકે છે. નાગરિક સુધારા બિલ હેઠળ હિન્દુ શિખ, ખ્રિસ્તી, બૌદ્ધ અને પારસી શરણાર્થી જે પાકિસ્તાન, બાગ્લાદેશ, અને અફઘાનિસ્તાનમાંથી આવ્યા છે અને જે લોકો છ વર્ષ કરતા વધારે સમયથી રહે છે તે તમામ લોકોને નાગરિકતા આપવા માટેની યોજના તૈયાર કરવામાં આવી ચુકી છે. બિલમાં આ બાબતની પણ જોગવાઈ કરવામાં આવી છે કે ઓવરસીઝ સિટિજન ઓફ ઈન્ડિયા કાર્ડ દારક જો કોઈ કાનુનનો ભંગ કરે છે તો તેમના પર કાર્યવાહી કરવામાં આવી શકે છે.

### શુદ્ધ નથી ● અનુસંધાન પહેલાનું ચાલુ

શહેરોની યાદી બહાર પાડી હતી. આ યાદીમાં મુંબઈ, હૈદરાબાદ, ભુવનેશ્વર, રાંચી અને રાયપુર પાણીની સારી ગણવત્તામાં પ્રથમ પાંચ શહેરો તરીકે ઉભરી આવ્યા છે. એ જ રીતે, બાકીના શહેરોમાં અનુક્રમે અમરાવતી, સિમલા, ચંદીગઢ,, ત્રિવેન્દ્રમ, પટના, ભોપાલ, ગુવાહાટી, બેંગ્લોર, ગાંધીનગર, લખનઉ, જમ્મુ, જયપુર, દહેરાદૂન, ચેન્નાઈ, કોલકાતા, અને સૌથી છેલ્લે ૨૧મા ક્રમે રાજધાની દિલ્હીનો સમાવેશ થાય છે.

કેન્દ્ર સરકારે ભારતીય ધોરણોના બ્યુરો (બીઆઈએસ) ને દેશના વિવિધ શહેરોમાંથી પાણીના નમૂનાઓ એકત્રિત કરવા માટે તેની તપાસ કરવા અને તે મુજબ શહેરોની રેક્કિંગ જારી કરવાની સૂચના આપી હતી. આજે પાણીની ગુણવત્તાના અહેવાલ અને રેક્કિંગ બહાર પાડ્યા બાદ પ્રેસ કોન્ફરન્સને સંબોધન કરતાં પાસવાને જણાવ્યું હતું કે પાણીના નમૂનાઓના ૧૦ ધોરણો પર પરીક્ષણ કરાયું હતું. જેમાં મુંબઈનું પાણી દરેક માપદંડમાંથી સફળ રીતે પસાર થયુ હતું. એટલે કે મુંબઈનું પીવાના પાણીની ગણવત્તા કે શુધ્ધતા સૌથી સારી પૂરવાર થઈ છે. જ્યારે રાજધાની, દિલ્હીમાં પીવાના પાણીના નમૂના આ માપદંડની કસોટીમાં નિષ્ફળ સાબિત થયાં દિલ્હીમાં પીવાના પાણીની શુધ્ધતા સૌથી ખરાબ પૂરવાર થઈ છે. અન્ય રીતે કહીએ તો દિલ્હીનું પાણી પીવાલાયક નથી.

કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે તેઓ દરેક ઘરને શુધ્ધ પાણી પહોંચાડવા માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના અભિયાન તરફ આગળ વધી રહ્યાં છે. તેમણે કહ્યું, 'પીએમ મોદીએ કહ્યું હતું કે ૨૦૨૪ સુધીમાં અમે દરેક ઘરને શુધ્ધ પાણી પહોંચાડીશું. અમારી સરકાર આ દિશામાં કામ કરી રહી છે.

### ભવ્ય જીત ● અનુસંધાન પહેલાનું ચાલુ

આવેલી બોલિંગ સામે બાંગ્લાદેશના ખેલાડીઓનો ફ્લોપ શો રહ્યો હતો. બંને ઈનિગ્સમાં બાંગ્લાદેશના ખેલાડી મોટા સ્કારને બનાવવામાં નિષ્ફળ રહ્યા હતા. રહીમે લડાયક ૬૪ રન કર્યા હતા. મેચમાં ટોસ જીતીને બેટિંગ કરવા માટે ઉતરેલી પ્રવાસી ટીમ પ્રથમ ઈનિગ્સમાં માત્ર ૧૫૦ રન કરીને ઓલઆઉટ થઈ ગઈ હતી. જેના જવાબમાં ભારતે પ્રથમ ઈનિગ્સમાં છ વિકેટ ગુમાવીને ૪૯૩ રન કર્યા હતા. જેના કારણે ભારતીય ટીમને પ્રથમ ઈનિગ્સમાં ૩૪૩ રનની લીડ મળી ગઈ હતી. ત્યારબાદ ત્રીજા દિવસે ટીમ ઈન્ડિયાની ટીમે બાગ્લાદેશને બીજી ઈનિગ્સમાં ૬૯.૨ ઓવરમાં ૨૧૩ રનમાં પેવેલિયન ભેગી કરી દેતા ભારતીય ટીમે આ ટેસ્ટ મેચ એક ઈનિગ્સ અને ૧૩૦ રને જીતી લીધી હતી. ભારત માટે પ્રથમ ઈનિગ્સમાં ત્રણ વિકેટ લેનાર મોહમ્મદ શમી બીજી ઈનિગ્સમાં ચાર વિકેટ લેવામાં સફળ રહ્યો હતો. જ્યારે અશ્વીને ત્રણ વિકેટ ઝડપી હતી. ઉમેશને બે વિકેટ મળી હતી. આ પહેલા આજે મોહમ્મદ શમીએ બાગ્લાદેશના ઓર્ડરને સસ્તામાં પેવેલિયન ભેગા કરીને ભારતની જીત નક્કી કરી દીધી હતી. પ્રથમ ઈનિગ્સમાં ખરાબ દેખાવ કર્યા બાદ બાગ્લાદેશની ટીમ બીજા દાવમાં પણ કંગાળ દેખાવ કર્યો હતો. લિટન દાસ અને રહીમે ૬૩ રનની ભાગીદારી નોંધાવી હતી. મયંક બાદ શમીએ જોરદાર દેખાવ કર્યો હતો. આજની રમતની મુખ્ય વિશેષતા ભારતીય બોલરોની જોરદાર બોલિંગ રહી હતી. ટેસ્ટમાં મંયક બેટિંગમાં છવાયેલો રહ્યો હતો.